# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ‘‘વિજેતા’’ પ્રાર્થના કેલેન્ડર - જાન્યુઆરી, ૨૦૨૩

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) હિંમતવાન બનો : ક્યારેક આપણને એવું લાગે છે કે દુષ્ટતા અને નફરત છેવટે પ્રેમ અને કરુણા ઉપર જીત મેળવશે, પરંતુ ઈશ્વરનો આભાર માનીએ, તે આપણને ખાતરી આપે છે કે તેનાથી વિપરિત બાબત બનશે. (યોહાન ૧૬:૩૩) હિંમત રાખો ! આપણે ઈશ્વરના વચનોમાં નિશ્ચિંત રહી શકીએ છીએ.

(૨) સંગત : પ્રતિકૂળ જગતમાં ઈસુના શિષ્ય તરીકે જીવવા માટે ખ્રિસ્તી ભાઈ-બહેનો સાથે આત્મિક સંગત મહત્વની છે. જો તમારી પાસે એવી સંગત છે તો પ્રભુનો આભાર માનો. જો ના હોય તો તે મેળવવા માટે પ્રાર્થના કરો. (હિબ્રુ ૧૦:૨૪,૨૫)

(૩) એક સરળ સાક્ષી : આપણે ક્યારેક બીજા લોકો સાથે ખ્રિસ્ત વિશે જણાવતાં ડરીએ છીએ, કારણ કે આપણને વચનોનું જ્ઞાન મર્યાદિત હોય છે. જો કે ઘણીવાર સરળ બાબત શ્રેષ્ઠ હોય છે. ઈસુ ખ્રિસ્તે તમારા માટે જે કર્યું છે તે તમે બીજા લોકોને જણાવી શકો છો તે માટે ઈશ્વરનો આભાર માનો. (યોહાન ૯:૨૫)

(૪) સંપૂર્ણ થયું : મરણ પામતા પહેલાં પ્રભુ ઈસુની પ્રખ્યાત અંતિમ વાણી હતી ‘‘સંપૂર્ણ થયું’’. જો કે દુનિયાની બધી પ્રજાઓ અને જાતિઓને સુવાર્તા પહોંચાડવાનું કાર્ય પૂરું થયું નથી. મહાન આદેશને પૂરો કરવા તમે કેવી રીતે સહાયરૂપ થઈ શકો છો તે ઈશ્વર તમને જણાવે તે માટે તમે પ્રાર્થના કરો. (લૂક ૨૪:૨૭)

(૫) નમ્ર : યૂસફ અને મરિયમ ગાલીલના છેવાડાના નાના ગામડાનાં નાના લોકો હતા. નમ્ર પણ મામુલી નહીં. ઈશ્વર તેમનો ઉપયોગ કેવી રીતે કરે છે તે નિર્ણાયક હતું. આજે પણ આવું જ છે. ઈશ્વર તમારા જીવનનો કેવી રીતે ઉપયોગ કરશે તે કદાચ પછીથી જ જોવા મળશે. આજે કેવળ વિશ્વાસુ રહો. (યાકૂબ ૪:૬)

(૬) મર્મ (રહસ્ય) : ‘‘તેથી તેને પોતાના ભાઈઓના જેવા થવું જોઈતું હતું ....’’ (હિબ્રૂ ૨:૧૭,૧૮) ઈશ્વર તેમના પ્રિય પુત્ર ઈસુ પર સૌથી વધુ અપેક્ષા રાખે છે. જેથી તેમનાં દુઃખ દ્વારા તેઓ માનવજાત સાથે ઓળખ મેળવી શકે. એ જ રીતે, ઈશ્વર હજુ પણ તેમના પ્રિય બાળકોના દુઃખનો ઉપયોગ તેમના દ્વારા બીજા લોકો સાથે સેતુ બાંધવા માટે કરે છે.

(૭) આનંદ કરો : ‘‘પ્રભુમાં સદા આનંદ કરો.’’ (ફિલીપી ૪:૪અ) ઘણીવાર જીવનની પરિસ્થિતિઓ આનંદ આપતી નથી, પરંતુ જ્યારે આપણે આપણને પ્રેમ કરનાર સર્વશક્તિમાન ઈશ્વર સાથે ગાઢ રીતે જોડાયેલા હોય છે ત્યારે તે જે ઊંડો આનંદ અને સલામતી આપે છે તે કોઈ છીનવી શકતું નથી. તેથી વિશ્વાસ કરવાનું અને આધીન થવાનું ચાલુ રાખીએ.

(૮) યાદ રાખો : ‘‘હું ફરીથી કહું છું, આનંદ કરો.’’ (ફિલીપી ૪:૪બ) આપણે ભુલકણા છીએ, તેથી આપણે ગી.શા. ૧૦૩:૨માં વાંચીએ છીએ કે ‘‘હે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન અને તેના સર્વ ઉપકારો તું ભુલી ન જા.’’ ઈશ્વરની ભલાઈને યાદ કરવાથી વર્તમાન પડકારોનો સામનો કરવાની હિંમત મળે છે. તેને જીવનમાં તમારા વિશ્વાસ અને દૃષ્ટિકોણનો પાયો બનવા દો.

(૯) સહનશીલતા : ‘‘તમારી સહનશીલતા સર્વ માણસોના જાણવામાં આવે.’’ (ફિલીપી ૪:૫) આપણે ઈસુના હોવાથી આપણે હૃદયથી આનંદ કરી શકીએ છીએ અને બીજાઓને સહનશીલતા દર્શાવી શકીએ છીએ. જેમ જેમ આપણે ઈશ્વરને આશીર્વાદ આપવા અને બદલાણ કરવા દઈએ છીએ તેમ તેમ આપણું જીવન આપણામાં વિશ્વાસ રાખવા તૈયાર હોય તેઓ માટે આમંત્રણ બની જાય છે.

(૧૦) ચિંતામાંથી છૂટકારો મેળવો : ‘‘કશાની ચિંતા ન કરો, પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિ સહિત તમારી અરજો દેવને જણાવો.’’ (ફિલીપી ૪:૬) ઈશ્વર માટે કંઈ જ અશક્ય નથી. આપણને તકલીફ આપે તે સર્વ આપણે ઈશ્વર પાસે લાવી શકીએ છીએ અને તેના ઉકેલ માટે આભારી અપેક્ષામાં રાહ જોઈ શકીએ છીએ.

(૧૧) શાંતિ : ''અને દેવની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હૃદયોની તથા મનોની સંભાળ રાખશે.'' (ફિલીપી ૪:૭) હું ઈસુ સાથે વણઉકેલાયેલા પ્રશ્નો અને સમસ્યાઓનો સામનો કરી શકુ છું. તે તેમની શાંતિ છે જે મને શાંતિ અને આત્મવિશ્વાસ રાખવા સક્ષમ બનાવે છે. તેથી આનંદ કરો, ચિંતાઓને ''ના'' કહો અને ગમે તે બાબત હોય તો પણ તેમના પર વિશ્વાસ કરો.

(૧૨) ધન્ય વ્યક્તિ : વ્હાલા ઈશ્વર, હું હંમેશા મારી પોતાની સમજને અનુસરવા અને પોતાના નિયમો બનાવવા લલચાઉં છું. કૃપા કરીને મને પ્રથમ તમને શોધવામાં અને તમારી ઈચ્છાને સ્વાધીન થવા સહાય કરો. ''જે માણસ તેમની આજ્ઞાઓ પાળવામાં બહુ ખુશ થાય છે, તેને ધન્ય છે.'' (ગી.શા. ૧૧૨:૧)

(૧૩) વારસો : આપણા બાળકો માટે નમૂનારૂપ બનવા અને તેમને ડહાપણયુક્ત પસંદગીઓ કરવા પ્રોત્સાહિત કરવા એ આપણો વિશેષાધિકાર છે. હે ઈશ્વર, મને તમારું માન રાખનાર અને આગામી પેઢીને આત્મિક વારસો આપે એવા પિતા બનવા સહાય કરો. ''તેનાં સંતાન પૃથ્વી ઉપર બળવાન થશે, યથાર્થીના વંશજો આશીર્વાદ પામશે.'' (ગી.શા. ૧૧૨:૨)

(૧૪) શ્રોત : હે પ્રભુ, આ દુનિયા જે આપે તેનાં કરતાં વિશેષ તમારી પાસે આપવાનું વધારે છે. મને એવો માણસ બનાવો જે તમારા આશીર્વાદોનો શ્રોત છે અને જેનું ચારિત્ર્ય અને વલણ મારા કુટુંબને અને મિત્રોને સમૃદ્ધ બનાવે. ''તેના ઘરમાં ધનદોલત થશે, અને તેનું ન્યાયીપણું સર્વકાળ ટકશે.'' (ગી.શા. ૧૧૨:૩)

(૧૫) આશા : સુવાર્તા એ આશાનો સંદેશ છે. ખ્રિસ્તે આપણને વધસ્તંભ પર છોડાવ્યા અને તેમનામાં વિશ્વાસ કરનાર દરેકને તે ન્યાયી બનાવે છે. તેમને તમારા જીવન દ્વારા તેમનું જીવન જીવવા દો અને આજે આશાના એજન્ટ બનો. ''યથાર્થીને સારુ અંધારામાં અજવાળુ પ્રગટ થાય છે. તે કૃપાળુ, રહેમી તથા ન્યાયી છે.'' (ગી.શા. ૧૧૨:૪)

(૧૬) ઉદારતા : ઈશ્વર ઉદાર માણસને ચાહે છે. તે નોંધ લે છે અને બીજાઓની કાળજી રાખનારાઓને ઈનામ (બદલો) આપવાનું વચન આપે છે. ''જે માણસ કૃપા રાખીને ધીરે છે તેનું ભલું થાય છે. તે પોતાનાં કામકાજ ડહાપણથી ચલાવશે.'' (ગી.શા. ૧૧૨:૫) તમારી આસપાસના જરૂરિયાતમંદ લોકો માટે સંવેદનશીલ હૃદય અને ખુલ્લા હાથ માટે પ્રાર્થના કરો.

(૧૭) ન્યાયી : ન્યાયી, ઈશ્વરપરાયણ માણસની અસર આશ્ચર્યજનક છે. તેમના જીવનની સમય અને અનંતકાળ માટે ગણના થાય છે. ''કેમ કે તે કદી પણ ડગશે નહિ, ન્યાયીનું સ્મરણ સર્વકાળ રહેશે.'' (ગી.શા. ૧૧૨:૬) હે પ્રભુ, તમારા વચનો પર દઢ રહે અને જીવનનાં તોફાનોમાં તમારા પર વિશ્વાસ રાખવા બીજાઓને ઉત્તેજન આપે એવો પુરુષ મને બનાવો.

(૧૮) ખરાબ સમાચાર : જ્યારે યુદ્ધો અને યુદ્ધની અફવાઓ, દુકાળ, મહામારી અને ધરતીકંપના અંતના દિવસોના ચિહ્નો વધતા જાય છે ત્યારે વિશ્વાસ કરનાર પુરુષ તેના ઈશ્વરના આગમનની રાહ જુએ છે. ''તે માઠા સમાચારથી બીનાર નથી, તેનું હૃદય યહોવા પર ભરોસો રાખીને સુદઢ રહે છે.'' (ગી.શા. ૧૧૨:૭) હે પ્રભુ, મને આ મુશ્કેલીભર્યા સમયમાં તમારો સાક્ષી બનવા સહાય કરો.

(૧૯) સુરક્ષિત : જો તમે એવા પુરુષ છો કે જે ઈશ્વરને તેમના જીવનને દોરવા દે છે તો તમે ગી.શા. ૧૧૨:૮ વચનનો અનુભવ કરો છો. ''તેનું અંતઃકરણ સ્થિર છે, તેથી તે પોતાના શત્રુઓ પર ફતેહ મેળવતાં સુધી બીશે નહિ.'' (ગી.શા. ૧૧૨:૮) આપણે ભય અને આશાવિહીન લકવાગ્રસ્ત લોકોથી ઘેરાયેલા છીએ. પરિવર્તન લાવવા માટે પ્રાર્થના કરો. આજે અન્ય લોકો સાથે તમને જે સુરક્ષિત બનાવે છે અને આશા આપે છે તે જણાવો.

(૨૦) આગળ વધો : જ્યારે આપણે ઈશ્વરને આપણા ખરા હૃદયથી પ્રેમ કરીએ છીએ ત્યારે તે આપણને બીજાઓને પણ પ્રેમ કરવા સક્ષમ કરશે. આજે તમને ઈશ્વરના પ્રેમને વહેંચનાર પુરુષ બનાવે તે માટે પ્રાર્થના કરો. તારણની સુવાર્તા ફેલાવો અને બીજાનું ભલુ કરો. ''તેણે મોકળે હાથે દરિદ્રીઓને આપ્યું છે; તેનું ન્યાયીપણું સર્વકાળ ટકે છે; તેનું શિંગ માન સહિત ઊંચું થશે.'' (ગી.શા. ૧૧૨:૯)

(૨૧) અબ્બા બાપ : ગલાતી ૪:૬માં પ્રેરિત પાઉલ ઈશ્વર સાથેના આપણા ગાઢ સંબંધને વ્યક્ત કરવા માટે ''અબ્બા બાપ'' શબ્દનો ઉપયોગ કરે છે. પ્રભુની હાજરીમાં રહેવાનો કેવો લ્હાવો છે ! પ્રાર્થના કરો કે તમારા બાળકોને પણ માતાપિતા તરીકે તમારી સાથે ગાઢ સંબંધમાં રહેવાનો આનંદ મળે. આ જોડાણ હંમેશા ખુલ્લુ રાખો.

(૨૨) ઈસુ તરફ દોરો : જેમ માથ્થી ૧૯:૩૩માં નોધ્યું છે તેમ પિતા તરીકે આપણને આપણાં બાળકોને ઈસુ પાસે લાવવાનું સર્વોચ્ચ સન્માન આપ્યું છે. તમારા બાળકોને આશીર્વાદ આપવાનું ઈશ્વરને જણાવો. આરાધનાના આનંદદાયક સમયમાં તેમને દોરો અને તમે બાઈબલ અભ્યાસ કરો અને પ્રાર્થનામાં મધુર સમય પસાર કરો ત્યારે તેમને ઈશ્વરીય સિદ્ધાંતોના મૂલ્યોને જણાવો.

(૨૩) વખાણ - પ્રશંસા : ઘણી સંસ્કૃતિઓમાં પુરુષો જે મહિલાઓને મળે અથવા જેની સાથે રહે છે તેને નુક્સાન પહોંચાડવા ટિપ્પણી કરે છે. ગીતોનું ગીત ૪:૭માં પતિ તેની પત્નીની પ્રશંસા કેવી રીતે કરે છે તેનું એક ઉદાહરણ છે. ‘‘મારી પ્રિયતમા, તું અતિ સુંદર છે. તારામાં એક પણ ડાઘ નથી.’’ પ્રાર્થના કરો કે તમારા હોઠમાંથી નીકળેલા શબ્દો તમારી પત્નીને સન્માન આપનાર અને આનંદિત કરનાર બને.

(૨૪) ખજાનો અથવા સંપત્તિ : સૌથી મોટો ખજાનો પૈસા કે કિંમતી ધાતુથી બનેલો નથી. ઘણા માણસો ભૌતિક સંપત્તિ કે ખ્યાતિના બદલામાં સૌથી કિંમતી ખજાનો એટલે કે તેમના પરિવારને ગુમાવે છે. તેથી વાસ્તવિક મૂલ્ય છે તેના માટે યોગ્ય દૃષ્ટિકોણ રાખવા માટે તમે સાવચેત રહો તે માટે પ્રાર્થના કરો. (માથ્થી ૬:૨૧)

(૨૫) કૌશલ્ય (આવડત) : બાઈબલ શીખવે છે કે કામ એ ઈશ્વર તરફથી મળેલી ભેટ છે અને પવિત્ર આત્મા તમારા વ્યવસાય માટે તમને કૌશલ્ય આપીને સક્ષમ બનાવે છે અને માર્ગદર્શન આપે છે. નિર્ગમન ૨૫:૩૧માં આપેલ ઉદાહરણ જુઓ, જ્યાં બઝાલએલને કૌશલ્ય, આવડત અને જ્ઞાન આપ્યું હતું. તમે પણ જે કામ તમને આપ્યું છે તે સારી રીતે કરવા માટે આજે ઈશ્વર પાસે પ્રેરણા અને આવડત માગો.

(૨૬) આરાધના : ‘‘યહોવાના નામનું ગૌરવ તેને દો, પવિત્રતાની શોભા ધારણ કરીને યહોવાને ભજો.’’ (ગી.શા. ૨૯:૨) તમે સર્વશક્તિમાન પવિત્ર અને દયાળુ છો તે જાણીને હે ઈશ્વર, અમારી ઈચ્છા એક કુટુંબ તરીકે અને મંડળી સાથે મળીને તમારી સ્તુતિ કરવાની છે. તમે સ્તુતિ મધ્યે બિરાજો છો ! અમે તમારા નામની આરાધના કરીએ છીએ.

(૨૭) જવાબદારી : ‘‘જેઓને મોતમાં ઘસડી લઈ જવામાં આવે છે તેઓને છોડાવ, અને જેઓ માર્યા જવાની તૈયારીમાં છે તેઓને છોડાવવાનું ચૂકતો નહિ.’’ (નીતિવચનો ૨૪:૧૧) પ્રભુ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર માનવજાતને અનંત શિક્ષા અને મરણમાંથી મુક્તિ અપાવી. તેમનામાં વિશ્વાસ કરવાથી વ્યક્તિ અનંતજીવન મેળવે છે. તમારી જવાબદારી સ્વીકારો. સુવાર્તાના શુભસંદેશને વહેંચો.

(૨૮) પુરુષાતન દેખાડો : ‘‘સાવધ રહો, વિશ્વાસમાં દૃઢ રહો, પુરુષાતન દેખાડો, બળવાન થાઓ.’’ (૧ કરિંથી ૧૬:૧૩) ચારિત્ર્યવાન પુરુષો અચાનક બનતા નથી, પરંતુ તેઓએ તેમની ઈચ્છાને વશ કરી હોય છે. તેઓ જે યોગ્ય છે તે પારખતાં શીખ્યા છે. અને તેઓને દેવના વચનને આધીન થવાની તાલીમ પણ મળેલી છે.

(૨૯) પ્રભુનો ભય : ‘‘યહોવાનું ભય એ વિદ્યાનો આરંભ છે, મૂર્ખો જ્ઞાન તથા શિક્ષણને તુચ્છ ગણે છે.’’ (નીતિવચનો ૧:૭) ઈશ્વરનો આદરણીય ભય આપણા પોતાના ભલા માટે છે તે આપણને પાપથી દૂર રાખે છે અને તેના ઉપદેશોને અનુસરવા માટે દોરી જાય છે. ઈશ્વર આપણી આરાધનાને યોગ્ય છે. પ્રેમમાં તેમણે તેમના પુત્રના બલિદાન દ્વારા આપણને તારણ આપ્યું છે.

(૩૦) સરકાર : ‘‘...... અને તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે.’’ (યશાયા ૯:૬) ભલે એવું લાગે કે આ દુનિયાના નિર્ણયો સૌથી વધુ શક્તિ અને પ્રભાવવાળા લોકો પર આધાર રાખે છે. આનંદિત થાઓ કે અંતિમ નિર્ણય તો આપણા ઈશ્વરનો જ હશે. તે દરમ્યાન આજે સરકારમાં જે સ્ત્રીઓ અને પુરુષો છે તેમને આશીર્વાદ આપવા માટે નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરો.

(૩૧) પ્રાર્થના : ‘‘કશાની ચિંતા ન કરો, પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિસહિત તમારી અરજો દેવને જણાવો.’’ (ફિલીપી ૪:૬) આઘાતજનક ઘટનાઓ, કૌટુંબિક ઈતિહાસ, સ્વાસ્થ્ય સમસ્યાઓ અને નકારાત્મક વિચારસરણી ચિંતાને પેદા કરી શકે છે. શ્રેષ્ઠ પસંદગી કરો. તમારી સમસ્યાઓ ઈશ્વરને સોંપો અને તેમની જોગવાઈની રાહ જુઓ.




ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

**M. No. : 9327621391**

**Free MP3 download : radio882.com, twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**

**Gujarati TV Program : GTPL Channel No. 555, Time : 07:00 to 07:30 (Morning)**